**ક્રો.પ.અ.નં. ૨૬/૨૦૨૬**

**જામજોધપુર ના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબ ની કોર્ટમાં,જામજોધપુર**

કાના ઉર્ફે વિનય ભારાભાઇ જોગાણી ઉ.વ.૩૩
રે. પંચવટી સોસાયટી, બસ સ્ટેશન પાસે,
જામજોધપુર, તા.જામજોધપુર
........ અરજદાર/આરોપી

વિરુધ્ધ

શ્રી સરકાર
........ સામાવાળા

**વિષય:- ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૪૮૦ અન્વયે રેગ્યુલર જામીન અરજી**

---

| | | |
|---|---|---|
| **અરજદાર તરફે વિ.વ.શ્રી** | **:** | **પી.સી.મકવાણા** |
| **સામાવાળા શ્રી સરકાર તરફે** | **:** | **ત.ક.અ.** |

---

આ કામના અરજદાર/આરોપી સામે જામજોધપુર પોલિસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૦૨૦૨૬૨૬૦૨૦૦/૨૦૨૬ પ્રોહી કલમ ૬૫એએ, ૬૫ઈ, ૬૬(૧)બી,૮૫(૧), ૧૧૬(બી),૮૧ ૯૮(૨) મુજબનો ગુનો નોંધાયેલ છે જે ગુનાના કામે જામીન ઉપર મુકત થવા માટે હાલની જામીન અરજી કરેલ છે.

જામીન અરજી તથા કેસ પેપર્સ વંચાણે લીધા તથા અરજદાર/આરોપી તરફે વિ.વશ્રી પી.સી.મકવાણા ને સાંભળ્યા. તથા તપાસ કરનાર અધિકારીને સાંભળ્યા.

બચાવ પક્ષના વિ.વશ્રી એ તેમની દલીલમાં જણાવેલ છે કે આરોપી ગરીબ વર્ગના માણસ હોય અને મજુરી કામ કરે છે તેમજ આરોપી જામજોધપુર તાલુકાના સ્થાનિક કાયમી રહીશ છે ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે તેમજ ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ હોય જો આરોપી જેલમાં રહેતો પ્રિટ્રાયલ પનિશમેન્ટ થાય તેમ હોય આરોપીને યોગ્ય રકમના જામીન પર મુકત કરવા અરજ કરેલ છે અને નામ.કોર્ટ

ફરમાવે તે શરતોનું પાલન કરીશું તેવી ખાતરી આપેલ છે.તેમજ વિશેષમાં જણાવેલ છે કે આરોપી સામે મોત કે આજીવન કેદની સજાને પાત્ર ગુનાનો આક્ષેપ નથી અને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

ત.ક.અ.શ્રી દવારા જામીન અરજી તળે શેરો કરી જણાવેલ છે કે આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો તેઓ મુદતે હાજર નહી રહે અને ફરીથી આવા પ્રકારનો ગુન્હો કરવાની શકયતા હોય જામીન અરજી ના–મંજુર કરવા દલીલ કરેલ છે.

ઉપરોકત તમામ હકીકત તથા કેસ પેપર્સ વંચાણે લીધા. સદર ગુનાના કામે આરોપી સામે ૬૫એએ, ૬૫ઇ, ૬૬(૧)બી,૮૫(૧), ૧૧૬(બી),૮૧ ૯૮(૨)મુજબના ગુનાનો આક્ષેપ હોય ત્યારે સદર ગુનાના કામે સજાની જોગવાઇ દયાને લેતાં તેમજ ફરીયાદ હકીકત વંચાણે લેતાં આ કામના આરોપી પાસેથી **અંગ્રેજી દારૂની બોટલો નંગ–૩ તથા ૧૬૫ લીટર દેશી દારૂ કિંમત રૂ.૩૩૦૦૦/–** નો મળી આવેલ હોવાનો ફરીયાદમાં આક્ષેપ છે. ત્યારે ગુનાની ગંભીરતા સજાની જોગવાઇ, આરોપીનો રોલ, રાજયનું હિત તેમજ ટ્રાયલ સમય દરમ્યાન આરોપીની હાજરી વિગેરે પાસાઓ દયાને લેતાં હાલના આરોપી જામજોધપુર તાલુકાના સ્થાનિક રહેવાસી છે જેથી આરોપીની હાજરી ટ્રાયલ દરમ્યાન સુનિશ્ચિત કરી શકાય તેમ છે તેમજ આ કામે તપાસ કરનાર અધિકારીનો શેરો વંચાણે લેતાં અને આરોપી સામે મોત કે આજીવન કેદની સજાને પાત્ર ગુનાનો આક્ષેપ નથી તેમજ સદર ગુનાની ટ્રાયલ ચલાવવાની સતા આ કોર્ટને રહેલ છે. અને સદર ગુનાની ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે જો તે દરમ્યાન આરોપી જેલમાં રહેતો પ્રિ–ટ્રાયલ પનિશમેન્ટ થાય તેમ છે. જેથી નામ.સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત દયાને લેતાં BAIL IS RULE JAIL IS EXCEPTION ના નિયમ મુજબ તથા **નામ.સુપ્રિમ કોર્ટ દવારા સંજય ચંદ્રા વિ.સી.બી.આઇ.**ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત દયાને લેતાં તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ – ૪૮૦ દયાને લેતાં હાલના આરોપીને સધ્ધર રકમના જામીન પર કડક શરતોને આધિન જામીન પર મુકત કરવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાતો હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

**અરજદાર / આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે. અને આરોપીએ રૂ. ૨૫ ,૦૦૦/– ના સધ્ધર જામીન અને તેટલીજ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન પર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**શરતો :–**

(૧) આ કામના આરોપી ફરીયાદપક્ષના સાહેદોને ધાકધમકી કે ફોડવાની કોશિશ કરવી નહી.

(૨) આ કામના આરોપીએ ટ્રાયલ પુરી થતા સુધી ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૩) આ કામના આરોપીઅ તથા જામીનદારે પોતાના કાયમી રહેણાંકનું સરનામુ સોગંદનામાથી જાહેર કરવું.

(૪) આ કામના આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો નામ.કોર્ટમાં જમા કરાવવો.

(૫) આ કામના આરોપીએ ચાર્જશીટ થતા સુધી અંગ્રેજી મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધી સંબંધિત પો.સ્ટે. માં હાજરી પુરાવવી.

હુકમ આજ રોજ તા. ૨૦, માહે : માર્ચ સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૦/૦૩/૨૦૨૬,
સ્થળ:જામજોધપુર.

**(એન.આર.ગોહેલ )**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જામજોધપુર.
જજ કોડ – જીજે ૦૧૫૮૪